Datanet India

| Date | Publication | Edition | Headline | Page |
|---|---|---|---|---|
| 09-01-18 | Gujrat pranam | Ahmedabad | India's first-of-its-kind book – 'Election Atlas of India' – launched | 07 |

# ભારતમાં ચૂંટણી વ્યવસ્થા સાથે સંબંધિત પ્રથમ પ્રકારનું પુસ્તક 'ઈલેક્શન એટલાસ ઓફ ઈન્ડિયા' લોંચ થયું

નવી દિલ્હી, ૮ જાન્યુઆરી: ભારતની પ્રીમિયર આઈટી-અનેબલ્ડ કંપની ડેટાનેટ ઈન્ડિયાએ આજે નવી દિલ્હીમાં વર્લ્ડ બુક ફેરમાં તેનાં પુસ્તક ઈલેક્શન એટલાસ ઓફ ઈન્ડિયા રીલિઝ કર્યું હતું, જેમાં સામાજિક-આર્થિક અને મતદારોની આંકડાકીય માહિતી આપવામાં છે. ભારતનાં ભૂતપૂર્વ મુખ્ય ચૂંટણી કમિશનર ડો. નસીમ ઝૈદીએ પુસ્તકની પ્રસ્તાવના લખી છે, જેનું સંપાદન અને પ્રકાશન ડેટાનેટ ઈન્ડિયાનાં ડિરેક્ટર ડો. આર કે હુકરાલે કર્યું છે. પુસ્તકની પ્રસ્તાવનામાં ભારતનાં ભૂતપૂર્વ મુખ્ય ચૂંટણી કમિશન ડો. નસીમ ઝૈદીએ કહ્યું છે કે: "એટલાસમાં ચૂંટણી સાથે સંબંધિત વિવિધ હકીકતો, મતદારો, ઉમેદવારો અને વંચિત સમુદાયનાં વિવિધ સ્તરો પર એકત્રિત આંકડાકીય જાણકારીનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આ માપદંડો અને પાસાંઓને જીઆઈએસ ટેકનોલોજીનો ઉપયોગ કરીને અસરકારક ગ્રાફ, ચાર્ટ, વિષયગત નકશાઓ સ્વરૂપે પ્રસ્તુત કરવામાં આવ્યાં છે. એટલાસમાં સંસદીય ચૂંટણી ક્ષેત્રોમાં પેટાચૂંટણી વિશે ઐતિહાસિક આંકડા અને રાજ્યોની સ્થાપના અને વિભાજન પછી થયેલા પરિવર્તનો પર પ્રકાશ ફેંકવામાં આવ્યો છે. એટલાસમાં મેં જોયું કે તેમાં ચૂંટણી અને ચૂંટણી સાથે સંબંધિત જાણકારી સાથે સંબંધિત ઘણાં રસપ્રદ કિસ્સા ટાંકવામાં આવ્યાં છે, જેને ડેટા અને જાણકારી સ્વરૂપે પ્રસ્તુત કરવામાં આવ્યાં છે. આ વિષયવા કિસ્સા વાંચકોને ભારતીય ચૂંટણી વ્યવસ્થાનાં વિકાસ વિશે મહત્ત્વપૂર્ણ જાણકારી આપશે...સંપાદકને સંકલનનાં અંતે વ્યાખ્યાત્મક નોંધ અને અસ્વીકરણ આપ્યું છે."

પુસ્તકનાં સંપાદક ડૉ. આર કે હુકરાલે ખાસ રસપ્રદ જાણકારી આપી છે કે ભારતમાં મતદારોની સંખ્યા અમેરિકા અને પશ્ચિમ યુરોપની કુલ વસતિથી વધારે છે. એટલાસ ચુનાવી ફીચર્સ પર આધારિત પ્રાસંગિક પુસ્તક છે, જેમાં લોકસભાની સૌપ્રથમ ચૂંટણીથી લઈને અત્યાર સુધીની તમામ લોકસભા ચૂંટણીનાં પરિણામોનું વિવરણ છે. અધિકૃત સ્ત્રોતોમાંથી પ્રાપ્ત જાણકારી અને આંકડાને આધારે વિષયવાર નકશાઓ થકી ૧૯૫૨થી લઈને ૨૦૧૪ સુધીની સંપૂર્ણ વ્યવસ્થિત જાણકારી અને તવારીખ મુજબ આપવામાં આવી છે, જે ભારતની ચૂંટણી વ્યવસ્થાની વાસ્તવિક તસવીર પ્રસ્તુત કરે છે. પુસ્તકમાં દરેક ગામ અને દરેક કસ્બાને વર્ષ ૨૦૧૧ની વસતિગણતરી અનુસાર, સંસદીય ચૂંટણી ક્ષેત્ર માટે વસતિજન્ય ખાસિયતો આપીને વર્ષ ૨૦૧૧માં સીમાંકન પર આધારિત લોકસભાની અગાઉની વર્ષ ૨૦૧૪ની ચૂંટણી માટે તમામ સંસદીય ક્ષેત્રોની વસતિ આધારિત વિશેષતાઓ રજૂ કરવામાં આવી છે.

ઉપરાંત ચૂંટણીનાં ઐતિહાસિક અવલોકન પર પ્રકાશ ફેંકતા ગ્રાફ અને ચાર્ટનાં માધ્યમ થકી રસપ્રદ જાણકારી આપવામાં આવી છે. આ વિશ્લેષણોને વાંચકો માટે સરળ બનાવવા વિશેષ શબ્દાવલીનો ઉપયોગ કરવામાં આવ્યો છે, જેમ કે પક્ષોનું ધ્રુવીકરણ, સામાજિક-ધાર્મિક વર્ચસ્વ, રાષ્ટ્રીય અને પ્રાદેશિક પક્ષોનું સંયુક્ત મત વિતરણ વગેરે. પેટાચૂંટણીઓ અને સંસદીય બેઠકોમાં થયેલા ફેરફારો વિશે ઐતિહાસિક જાણકારી ઉમેરવામાં આવી છે, જે એટલાસને આંકડાનો શ્રેષ્ઠ સંગ્રહ બનાવે છે.